**SAMVAD E-JOURNAL**
ISSN (Online) : 2583-8334
**(International Peer-Reviewed Refereed Journal)**
**Volume 4, Issue-2, April to June : 2026**
**Published by Rangmati Publication** http://www.rangmatipublication.com/

# સાંપ્રત સમયનાં રેખાચિત્રો : એક અવલોકન

*પન્ના ત્રિવેદી*

વિશિષ્ટ કે વિચિત્ર રીતે અભિવ્યક્ત થતાં માણસો હરહંમેશ સમાજ માટે કૌતુકનો વિષય રહ્યાં છે. વળી હજારો વિસંવાદિતાઓ વચ્ચે મૂલ્યો થકી, સદગુણો થકી જીવતા ભર્યા ભર્યા માણસનો સંસંર્ગ તો એક અનોખો ઉત્સવ જ બની રહે છે. કબૂલવું રહ્યું કે એક તો આપણે ત્યાં સાંપ્રત સમયમાં જેટલી માત્રામાં કથાસાહિત્યનાં પુસ્તકો લખાય છે એટલી માત્રામાં ચરિત્રલેખનનાં પુસ્તકો લખાતાં નથી. ટૂંકીવાર્તા, નવલકથા કે કવિતાની તુલનામાં જીવનચરિત્રો, આત્મકથા કે રેખાચિત્રો ઓછાં જ લખાયાં છે. નવલકથા કે વાર્તાની તુલનાએ આ સ્વરૂપ પર કલમ ચલાવનારની સંખ્યા ઘણી ઓછી.

ચરિત્રકારે સંસર્ગમાં આવેલી વ્યક્તિને એ જ રૂપે શૈલીના બળે જીવંત કરવાની રહે છે જે રૂપે તેણે અનુભવી હોય. અંગ્રેજીના 'Sketch' સંજ્ઞાના પર્યાય રૂપે મહદઅંશે આપણે ત્યાં 'રેખાચિત્ર' અથવા 'ચરિત્રનિબંધ' શબ્દ સ્વીકારાયો છે. વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્ત્વનો ખ્યાલ આવી શકે એવી પસંદગીની અમુક અમુક રેખાઓ થકી જ જે-તે વ્યક્તિનું ચિત્ર ઉપસાવવાનું છે. કહેવું જોઈએ કે વ્યક્તિચિત્ર એ રેખાચિત્ર હોઈ શકે પણ દરેક વ્યક્તિચિત્ર એ રેખાચિત્ર હશે જ એમ માની લેવાને કોઈ કારણ નથી. લેખન સંસ્મરણ, નિબંધ, આત્મકથનાત્મક અંશ કે પ્રસંગકથા બની રહી રહેવાનું ભયસ્થાન રહે છે. વ્યક્તિના મૃત્યુ બાદ શ્રદ્ધાંજલિ રૂપે લખાતાં કે સાહિત્યિક યોગદાન બદલ મળતાં સન્માનને પોંખવા-બિરદાવવા લખાતાં રેખાચિત્રોમાં આ સંભાવના અધિક રહે છે. એથી ઉલટું અંગત દ્વેષભાવથી પ્રેરાઈને ચરિત્રને ખરાબ ચીતરવાનો સંભવ પણ રહે છે. આ રીતે વ્યક્તિ હોય તે કરતાં વધુ સારી કે વધુ ખરાબ ચીતરવાથી ભાવકચિત્તમાં ચરિત્રની યથાર્થ છબી અંકાતી નથી.

આમ તો નર્મદયુગથી 'રેખાચિત્ર' શબ્દની અર્થછાયાઓ સમયે સમયે અને લેખકે લેખકે બદલાતી રહી છે. માણસને હંમેશા પોતાના વિષે તથા પોતાના વડે અનુભવાયેલા જગત વિશે વાત કરવી ગમી છે. વિવિધ કળાઓના નિમિત્તે આ ઝંખના નિરંતર અભિવ્યક્ત પણ થતી રહી છે. એક સંવેદનશીલ માણસ માટે જડ દુનિયામાં મળનારા બે-ચાર સ્નેહના અમીછાંટણા જીવનશ્રદ્ધાનું ચાલકબળ બની રહે છે. તેની સર્જક ચેતના આ શ્રદ્ધા થકી મહોરી ઊઠે છે. આવા નોખા લોકોને જ અનોખી રીતે પ્રગટ કરવામાં સર્જકને રસ પડે છે. મૂળે તો માણસને માણસના આ 'અનોખાપણા'માં રસ પડે છે.

સમાંતરે એ નોંધવાનું પણ જરૂરી બની જાય છે કે મહદઅંશે લેખકોએ વ્યક્તિપૂજા નિમિત્તે લખાયેલ વ્યક્તિવિષયક લેખોને, શ્રદ્ધાંજલિ લેખોને, સાહિત્યિક કાર્યોની વિગતોને, જીવન પરિચયાત્મક લખાણને, સંસ્મરણોને, પ્રસંગકથાઓને, ઘટનાઓને 'રેખાચિત્ર' સ્વરૂપમાં ખપાવી દીધાં છે. જેમ પ્રત્યેક વ્યક્તિચિત્ર રેખાચિત્ર હશે જ એમ માનવાને કોઈ કારણ નથી તેવી જ રીતે દરેક શ્રદ્ધાંજલિ લેખ પણ ચરિત્રનિબંધ હશે એમ માનવાને પણ કોઈ કારણ નથી. શ્રદ્ધાંજલિ લેખો કે વ્યક્તિપૂજા નિમિત્તે લખાયેલ બહુ ઓછા લેખો સંઘેડાઉતાર અથવા જેને નખશિખ રેખાચિત્ર કહી શકીએ એવા નીપજી આવે. ટૂંકમાં, રેખાચિત્ર એ અલગ પ્રકારની સ્વરૂપકીય શિસ્ત માંગી લે છે તે યાદ રાખવું ઘટે.

સાંપ્રત સમયમાં લખાયેલ રેખાચિત્રોની વાત માંડીએ તો સ્પષ્ટ છે કે આ સ્વરૂપનું લેખન ઓછું થયું છે તેમાંય ઉત્કૃષ્ટ કહી શકાય એવા રેખાચિત્રો ઓછી જ માત્રામાં સાંપડ્યા. ક્યારેક એમ પણ બન્યું કે લખાણ સ-રસ હોય, સંવેદન અત્યંત ભાવસ્પર્શી હોય પણ સ્વરૂપકીય શિસ્ત ન જળવાતી હોય, સંસ્મરણ, નિબંધ તથા રેખાચિત્ર એમ ત્રિવિધ સ્વરૂપોની ભેળસેળ થઇ હોય એવાં અધિક માત્રામાં પ્રાપ્ત થયાં.

આમ તો રેખાચિત્ર લેખનની તરહ લેખકે લેખકે શૈલીએ શૈલીએ અલગ અલગ અનુભવાની. સમય બદલાયો છે, સ્થળ બદલાયા છે તો માણસની જીવનશૈલી પણ બદલાઈ છે. એટલે ચરિત્રો પણ બદલાયા છે, પણ જે નથી બદલાયું તે માણસની માણસ માટેની ઝંખના, માણસનું

માણસ માટેનું આકર્ષણ. બીજા અર્થમાં કહું તો નિસબત. માણસાઈ માટેનો આદર અને શ્રધ્ધા. સદગુણો માટેનો લગાવ. એટલે આ સમયગાળાના રેખાચિત્રો રૂપે વ્યક્તિઓના હકારાત્મક પાસાંની અભિવ્યક્તિ જ વિશેષ રૂપે થઇ છે. આ સમયમાં જે વૈવિધ્ય વર્તાય છે તે શૈલી સંદર્ભે, વિભિન્ન પ્રાદેશિક બોલી સંદર્ભે. વાર્તાની જેમ જ આ યુગમાં પણ જ્યાં ગ્રામસમાજના ચરિત્રો વિશેષ રૂપે આલેખાયા છે ત્યાં બોલી વૈભવ આગવી રીતે પ્રગટ થયો છે. બીજા અર્થમાં એમ પણ કહી શકાય કે આપણા મોટાભાગના સર્જકોનું શૈશવ ગામડાંમાં વીત્યું છે એટલે સહજપણે જ સ્મૃતિમંજૂષામાંથી ચરિત્રોની સાથે સાથે ત્યાંની બોલી અને પરિવેશ આપમેળે ગૂંથાઈ આવી છે.

એક નિરીક્ષણ એ પણ નોંધવાનું મન થાય કે અગાઉ નોંધ્યું તેમ ગાંધી-અનુગાંધીયુગમાં મનુષ્યેત્તર સૃષ્ટિના રેખાંકનો મળ્યા હતાં. તે પ્રકારના આ સમયગાળામાં જવલ્લે જ પ્રાપ્ત થાય છે. હા, અશોકપુરી ગોસ્વામી પાસેથી 'ગવરી : ઘરનું માણસ' રૂપે લેખન મળે છે પણ તે ગાય પરત્વેના વાત્સલ્ય ભાવનું એક સંસ્મરણ બની રહે છે. જોકે આ અનુઆધુનિકગાળામાં હિમાંશી શેલત પાસેથી પ્રાપ્ત થતું 'વિક્ટર' એ રીતે આશ્વાસન રૂપ છે. મનુષ્યેત્તર દષ્ટિએ આ રેખાંકન નોખું અનુભવાય છે. વિક્ટર' આ પ્રકારના અલ્પધન રેખાચિત્રોમાં રળિયાતપણાનો અનુભવ કરાવે એ સહજ છે. શૈલી તેમ જ વિષય ઉભય દષ્ટિએ નોખી ભાત પાડતું આ પુસ્તક એક રીતે સંસ્મરણ છે પણ હકીકતમાં સ્વરૂપગત દષ્ટિએ રેખાચિત્ર તથા સંસ્મરણ ઉભયની પ્રતીતિ અનુભવાય છે. જ્યાં કૂતરાં અને બિલાડીનું એક છત નીચે હળીમળીને રહેવું એ વિસ્મય પમાડે છે. જ્યાં પ્રેમ છે ત્યાં શત્રુતા નથી. પ્રાણીઓ કદાચ પોતાની ડંખવૃત્તિ વિસરી પણ જાય પણ માણસ? સ્વીકાર માટેનો માણસનો નકાર એ જ કદાચ તેની પ્રથમ પ્રતિક્રિયા હશે.

સમયે સમયે આ સ્વરૂપ ભિન્ન ભિન્ન યુગના સર્જકોના હાથે ખેડાતું રહ્યું, વિસ્તરતું રહ્યું છે. એ દષ્ટિએ આધુનિકયુગના રેખાંકનોમાં આ સ્વરૂપ વિસ્તર્યું તો ખરું પણ સ્વરૂપ સંદર્ભે ખાસ ચમત્કૃતિ દાખવતું આમૂલ પરિવર્તન દર્શાવતું નથી. હા, સ્વીકારવું રહ્યું કે આધુનિક-અનુઆધુનિકયુગમાં સમય બદલાતા ચરિત્રોની વૈચારિક સૃષ્ટિમાં પરિવર્તન ચોક્કસ નોંધી શકાય છે. શૂન્યતાથી ઘેરાયેલા તથા વિસંવાદિતા અનુભવતા માનવોમાં મૂલ્યનું સ્વરૂપ પણ બદલાયેલું જોવા મળે છે. અહીં સમાજ કે ચરિત્રની સમાંતરે આલેખકનો 'હું' પણ નિરંતર પ્રવેશ કરે છે. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ, જોસેફ મેકવાન, મણિલાલ હ. પટેલ, અશોકપુરી ગોસ્વામીના રેખાંકનોમાં પરોક્ષ રૂપે થયેલ સમાજનિરુપણનું ચિત્રણ ગાંધીયુગ કરતાં જુદું છે. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ પાસેથી 'નામરૂપ'નું સ્મરણ કરાવે તેવા જનક ત્રિવેદીની કલમે લખાયેલાં રેખાચિત્રો આ સમયગાળામાં પણ મળ્યાં છે, ભલે તેનું પ્રમાણ ઓછું હોય. ઉમાશંકર જોશી રચિત 'હૃદયમાં પડેલી છબીઓ' સમી છબીઓ, 'સહરાની ભવ્યતા' રૂપે રઘુવીર ચૌધરી નિરુપિત સર્જક વિશેષના રેખાચિત્રો, કે વિનોદ ભટ્ટ દ્વારા નર્મ-મર્મ શૈલીમાં લખાયેલા 'વિનોદની નજરે'ના નોખા પ્રકારના રેખાંકનોની ખોટ અનુભવાય પણ આ યુગમાં આપણા કેટલાંક સારસ્વતોના હસ્તે આ સ્વરૂપ ટકી રહ્યું છે એનો ય રાજીપો કંઈ ઓછો તો નથી જ. ચંદ્રકાંત શેઠ, રજનીકુમાર પંડ્યા, રઘુવીર ચૌધરી, મનસુખ સલ્લા, હર્ષદ ત્રિવેદી, જનક ત્રિવેદી, યોગેશ જોષી, રમેશ ર. દવે, પ્રફુલ્લ રાવલ, ભગીરથ બ્રહ્મભટ્ટ ઈત્યાદિનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. સાથે એ પણ ઉમેરવાનું મન થાય કે આ સ્વરૂપમાં સ્ત્રી કલમે લખાયેલાં રેખાચિત્રો પણ મળ્યાં છે એ આ બંને દાયકાઓની આગવી ઉપલબ્ધિ જ લેખી શકાય. દક્ષા વ્યાસ, દર્શના ધોળકિયા, સંધ્યા ભટ્ટ ઈત્યાદિ નામોનું તરત સ્મરણ થાય.

મનસુખ સલ્લા 'જીવતર નામે અજવાળું' પાથરનાર માણસોની સંવેદન સૃષ્ટિ શબ્દ રૂપે લઇ આવે છે. પદ અને પ્રતિષ્ઠાને નગણ્ય ગણતા માણસાઈ થકી જીવનારા સાચુકલાં મનેખોના અણમોલ રૂપોથી આપણને રૂબરૂ કરાવે છે. મહદઅંશે લોકભારતી સંસ્થા સાથે સંકળાયેલા આ વ્યક્તિરૂપો સેવાભાવી છે. વિશેષ ઊંડા અર્થમાં કહીએ તો ઔપચારિક કે બિનઔપચારિક રૂપે શિક્ષણ આપનાર કેળવણીકાર છે. પોતે સ્વીકારેલ કાર્યોના બદલામાં બીજું કશું ખપતું નથી સિવાય કે ઉષ્મા અને પ્રેમ. અલીભાઈ કલીવાળા આવું જ એક રેખાંકન છે. કલાઈકામમાં નિપુણ અલીભાઈ પૂર્ણપણે પ્રમાણિક છે. યોગેશ જોષી લિખિત 'સરદારજી'ના રેખાંકનમાં ટ્રેનિંગ સેન્ટરમાં ટેકનિશિયન તરીકે કામ કરનારા, પરમાર્થે જીવન જીવનારા માણસનું ચિત્રણ ઝીલાયું છે. આ સરદારજીનું ખરું માનવીય રૂપ તો રમખાણ દરમિયાન પ્રગટે છે. હર્ષદ ત્રિવેદી પાસેથી 'સરોવરના સગડ' રૂપે ગુજરાતી સર્જકોના નોખા રેખાચિત્રો મળે છે. જગતમાં ક્યાંક હજી ભીનાશ ટકી રહી છે એવી નિરંતર અનુભૂતિ કરાવતા આ રેખાંકનો શૈલી અને અનુભવજગતની દષ્ટિએ નોખા પડે છે. હર્ષદ ત્રિવેદી સર્જક હોવા ઉપરાંત તંત્રી-સંપાદક પણ રહ્યા છે, જેનો પૂરેપૂરો લાભ આ રેખાંકનોને સાંપડ્યો છે. અનેક લેખકોના સંપર્કમાં આવવાનું, નજીકથી જોવા-જાણવાનું બન્યું હોય તે સ્વાભાવિક છે.

જનક ત્રિવેદીનું નામ આમ તો નિબંધ અને વાર્તાના સ્વરૂપ સાથે જોડાયેલ છે પણ તેમના કેટલાંક નિબંધો કેવળ શુષ્ક નિબંધ ન બની રહેતા રેખાચિત્રની સ્વરૂપકીય શિષ્ટતા દાખવનારા ઉત્કૃષ્ટ કોટિના ચરિત્રનિબંધો બની રહે છે. 'મારો અસબાબ'નું સમગ્ર વાચન કરતાં કેટલાંક ચરિત્રો આ પ્રમાણની સાહેદી પૂરશે. 'આનંદ શર્મન' ઉપનામથી અગાઉ પ્રફુલ્લ રાવલે 'નોખાં અનોખાં' રૂપે માનવ રૂપોને શબ્દરૂપ આપવાની

મથામણ કરી હતી. એ પછી આ ગાળામાં 'માણસ એ તો માણસ' શીર્ષક હેઠળ સ્મરણવીથિમાં સચવાયેલ પાત્રોને કંડારે છે. આ ગ્રંથમાં સમાવિષ્ટ થયેલ રૂપો આપણને માનવછબિના અતલ ઊંડાણમાં લઇ જાય છે. 'વ્યથાના વીતક' જેવો નોંધપાત્ર સંગ્રહ આપનાર જોસેફ મેકવાન પાસેથી આ ગાળામાં 'લખ્યા લેખ લલાટે' જેવો સંગ્રહ મળે છે. અશોકપુરી ગોસ્વામી પાસેથી મળતું 'મગન જેંણા'નું ચિત્રણ ખાસ તો ભાષાશૈલીને કારણે વિશેષ બન્યું છે. વાસ્તવમાં પતિ-પત્નીના સંવાદથી ધીમે ધીમે ઉઘડતું આ ચરિત્ર એક સાવ અલ્પશિક્ષિત એવા ખેડૂતના મૂંઝારાનું રેખાંકન છે. મગન જેંણા 'તમાકુના પાકટ ધીંગા છોડ'માંથી 'કડક છતાંય માદક મીઠી ગંધ વછોડતી ગડાકું' બની રહે છે એ આ ગતિશીલ પાત્રનો વિશેષ!

રજનીકુમાર પંડ્યાએ ચરિત્રનિબંધ ક્ષેત્રે માતબર ખેડાણ કર્યું છે. આ પૂર્વે 'ઝબકાર' શ્રેણીના ઘણાં ભાગ પ્રકાશિત થઇ ચૂક્યા છે. આ સમયગાળામાં 'શબ્દવેધ' જેવો ચરિત્રનિબંધનો સંગ્રહ પ્રાપ્ત થયા છે. પ્રતિષ્ઠિત સમાજની દૃષ્ટિએ સાવ સાધારણ ગણાતા માણસોમાં કેવો ઊંચો માણસ ધબકતો હોય છે તેનાં ઉત્તમ ઉદાહરણો તે 'રઘુભા' અને 'જેઠાભાઈ' છે. 'માનવતાના ભેરુ' અને 'ધરતીના અજવાળા' રૂપે ચિત્રાંકનો આપનાર ભગીરથ બ્રહ્મભટ્ટ એક રીતે વ્યક્તિઓના નિમિત્તે માણસાઈની રેખાઓનાં રેખાંકનો આપે છે. તો જીતેન્દ્ર દેસાઈ લિખિત 'રઘા ભગત'નું રેખાચિત્ર આવી જ સંવેદના વ્યક્ત કરે છે. સાદગીપૂર્ણ જીવન અને જીવનમાં ચોકસાઈ દાખવી જીવતા રઘા ભગત નખશિખ કર્મઠ પમાય છે.

અગાઉ પંચમહાલના સેવાભાવી સજ્જનોના રેખાચિત્રો 'માટીના મનેખ' રૂપે આપનાર મણિલાલ હ. પટેલ પાસેથી આ સમયગાળામાં આપણને કેટલાંક રેખાંકન સાંપડે છે. આ સમયગાળામાં મુનિકુમાર પંડ્યા પાસેથી 'ઓળખ્યાં એવાં આલેખ્યાં' શીર્ષક હેઠળ પ્રવાહી શૈલીએ લખાયેલ ચરિત્રનિબંધનો સંગ્રહ મળી રહે છે. જેમાં સાધારણ મનુષ્યોના રેખાચિત્રોના નિરૂપણમાં તેમની કલમનો કસબ સુપેરે પમાય છે. 'કાનજીભાઈ ટીચર' આવું જ એક રોચક રેખાચિત્ર છે. સર્જકે સંસ્કૃતના શિક્ષક એવા કાનજીભાઈની બાહ્ય તેમજ આંતરિક સૃષ્ટિની અનેરી રેખાઓ આપી છે. ડંકેશ ઓઝાના કેટલાંક રેખાંકનોમાં ચરિત્ર નિમિત્તે જે પમાય છે તે ગ્રામજીવનનો સામાજિક પરિવેશ, કૌટુંબિક પરિવેશ અને શૈશવ નિમિત્તે ઝીલાયેલ સમય પરિવેશ. સગપણ વિનાના મનેખ માટે કુટુંબો 'ઘર' બની રહે છે. દક્ષાબહેન વ્યાસ પાસેથી નર્યા માણસાઈથી છલકાતા અને અનન્ય સાહિત્યપ્રીતિ ધરાવતા હીરાબહેન પાઠકનું શબ્દચિત્રણ મળે છે. અહીં નોંધવાનું મન થાય કે કવયિત્રી-વિવેચક હીરાબહેન પાઠક નહીં કે સમર્થ સર્જક -વિવેચક રામનારાયણ પાઠકના પત્ની રૂપે નહીં પણ આ ચરિત્ર તો કંડારાયું છે. દર્શના ધોળકિયા દ્વારા લખાયેલ 'ચંચળકુંવર'માં નાનીનું રેખાંકન સુપેરે ઝિલાયું છે. આ રેખાંકન એ રીતે પણ વિશિષ્ટ છે કે નાનીને જોવાનું કે વાત્સલ્ય ઝીલવાનું પ્રત્યક્ષ રૂપે બન્યું નથી.